# શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ

## માહિતી પત્રક




**Bachelor of Science (B.Sc) Programme**

**કેમિસ્ટ્રી, માઈક્રોબાયોલોજી, બોટની, મેથેમેટિક્સ**

**Master of Science (M.Sc) Programme**

**કેમિસ્ટ્રી, માઈક્રોબાયોલોજી**

સંલગ્ન: વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

સૌજન્ય: શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર

## પ્રેરણાસ્ત્રોત

### શ્રીમદ્ રાજચંદ્રજી



વિશ્વવત્સલ ભગવાન મહાવીરસ્વામીના ધર્મશાસનમાં પોતાની ઉત્કૃષ્ટ આત્મદશા, અસાધારણ પ્રતિભા, વિશિષ્ટ શાસનપ્રભાવના, અદ્ભુત સાહિત્યસર્જન આદિના કારણે શ્રીમદ્ રાજચંદ્રજીનું શુભ નામ અત્યંત આદરપૂર્વક લેવામાં આવે છે.

શ્રીમદ્જીનો જન્મ વિ.સં. ૧૯૨૪ની કાર્તિક પૂર્ણિમા(તા. ૯.૧૧.૧૮૬૭)ના શુભ દિને વવાણિયા(ગુજરાત, ભારત)માં થયો હતો. ૨૩ વર્ષની વયે તેઓશ્રીને શુદ્ધ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ. સ્વરૂપની મસ્તીમાં ડૂબેલા રહી તેઓશ્રી જંગલો અને પહાડોમાં મહિનાઓ પર્યંત નિવૃત્તિ સેવતા. સમસ્ત વિશ્વ પ્રત્યે વહેતી આ પરમ જ્ઞાનીની કરુણા, તત્ત્વજ્ઞાનના સાહિત્યની એક અત્યુત્તમ કૃતિ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રના રૂપમાં છલકાઈ ઊઠી છે. ૩૩ વર્ષની વયે, વિ.સં. ૧૯૫૭ની ચૈત્ર વદ પાંચમ(તા. ૯.૪.૧૯૦૧)ના રોજ તેઓશ્રીએ રાજકોટમધ્યે પૂર્ણ જાગૃતિપૂર્વક પાર્થિવ દેહનો ત્યાગ કર્યો.

તેઓશ્રીનો બોધ 'શ્રીમદ્ રાજચંદ્ર' શીર્ષકથી એક મહામૂલા ગ્રંથરૂપે પ્રસિદ્ધ થયેલ છે, જે આજે પણ સત્સાધકોની પિપાસા બુઝાવે છે.

### પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈ



ભગવાન મહાવીરપ્રણીત પંથના પ્રરૂપક, શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ ભક્ત પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈ આધુનિક યુગના આધ્યાત્મિક આર્ષદ્રષ્ટા છે. શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક પૂજ્ય ગુરુદેવશ્રી વિશ્વભરમાં અનેકાનેક વ્યક્તિઓની જિંદગી ઉજાગર કરી રહ્યા છે.

તા. ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના મંગળ દિને મુંબઈમાં જન્મેલા આ મહાત્મામાં અત્યંત બાળવયથી જ દિવ્ય લક્ષણો દૃષ્ટિગોચર થતાં હતાં. દીર્ઘકાલીન મૌન-આરાધના અને ગહન ધ્યાનસાધનાના પરિપાકરૂપે તેમણે અધ્યાત્મનાં ઉચ્ચ સોપાન સર કર્યાં. પોતાની અસાધારણ તેજસ્વિતાના બળે ગહન શાસ્ત્રોનો અભ્યાસ તેમણે અલ્પ સમયમાં સંપન્ન કર્યો છે. શ્રીમદ્જીના સર્વશ્રેષ્ઠ સાહિત્યસર્જન 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' ઉપર તેમના દ્વારા રચાયેલ વિસ્તૃત વિવેચનાત્મક શોધપ્રબંધ માટે તેમને પીએચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવી. નિષ્કારણ કરુણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીને પ્રેમાદરપૂર્વક 'ગુરુદેવ' તથા 'બાપા' તરીકે સંબોધવામાં આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી સ્વમંગલ અને સર્વમંગલની પ્રવૃત્તિઓ થકી માનવતાનો ઉદ્ધાર કરી રહ્યા છે.

### શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર

શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર એ સાધકોના આત્મવિકાસની વૃદ્ધિ તથા સમાજોત્થાન અર્થે કાર્યરત વિશ્વવ્યાપી યજ્ઞ છે. તેનું મિશન સ્ટેટમેન્ટ છે - પોતાનું સત્ય સ્વરૂપ ઓળખો અને અન્યની નિષ્કામ સેવા કરો. ધરમપુરમાં શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ એ મિશનનું આંતરરાષ્ટ્રીય મુખ્ય મથક છે. અત્યારે ૧૦૮ સત્સંગકેન્દ્રો દ્વારા મિશન વિશ્વભરમાં વ્યાપ્ત છે. ૩૪૩ કેન્દ્રો યુવાનો તેમજ બાળકોનું ઘડતર કરી તેઓ માટે ઉજ્જ્વળ ભવિષ્યનું નિર્માણ કરી રહ્યાં છે. દસ મુદ્દાનું શ્રીમદ્ રાજચંદ્ર લવ ઍન્ડ કેર અભિયાન સમગ્ર જીવરાશિને શાતા અને સેવા પહોંચાડવા કાર્યરત છે. આ અભિયાનમાં આરોગ્ય સેવા, શૈક્ષણિક સેવા, બાળ સેવા, મહિલા સેવા, આદિવાસી સેવા, સમાજ સેવા, માનવીય સેવા, પ્રાણી સેવા, પર્યાવરણ સેવા અને સંકટસહાય સેવાનો સમાવેશ થાય છે.

વ્હાલા મિત્રો,

શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેરના ઉપક્રમે શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠના નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભે કૉલેજનું માહિતી-પત્રક **(Prospectus)** રજૂ કરવાની તક લઉં છું.

માનવ જીવનના ઉત્થાન માટે શિક્ષણ એ પાયાની જરૂરિયાત છે. શિક્ષણ વ્યક્તિગત જીવનને ઉન્નત કરે છે, વિકાસની નવી તકો ઉત્પન્ન કરે છે અને આદર્શ જીવન પ્રદાન કરે છે. અમારા સંનિષ્ઠ પ્રયાસો વિદ્યાર્થીઓના ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થાય, તેમનામાં સુંદર સંસ્કારોનું સિંચન થાય અને એ દ્વારા તેમનો સર્વાંગી વિકાસ થાય એવા ઉત્તમ ધ્યેય સહિત કરવામા આવે છે. આ દિશામાં વધુ એક પગલું છે, વિજ્ઞાનપ્રવાહની નવી કૉલેજ, શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ. ધરમપુર - કપરાડા પંથકના લગભગ ૨૩૮ ગામોના વિદ્યાર્થીઓ માટે અદ્યતન સુવિધાયુક્ત નૈસર્ગિક વાતાવરણમાં એક ભવ્ય કૉલેજ.

**આ કૉલેજની વિશિષ્ટ પ્રવૃત્તિઓ છેઃ**

- પ્રાયોગિક શિક્ષણ
- અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ
- કમ્પ્યૂટર શિક્ષણ
- જીવનવ્યવહાર અને સંદેશવ્યવહાર શિક્ષણ
- વિદ્યાર્થીઓમાં રહેલી સંભાવનાઓને પ્રગટ કરવાની તક
- વ્યાવસાયિક માર્ગદર્શન
- સંસ્કાર સિંચન

**આ એવી કૉલેજ છે જ્યાં...**

- વિદ્યાર્થીઓ માત્ર ભણવા ખાતર નહીં, પણ સંશોધન અને સર્જનના ઉત્સાહ સાથે ભણશે
- માત્ર ઉચ્ચ ગુણાંક મેળવનાર નહીં, પરંતુ પોતાના રસ અનુસાર દરેક ક્ષેત્રમાં વિશિષ્ટતા ધરાવનાર વિદ્યાર્થીને આવકાર મળશે
- જીવન જીવવાની કળા વૈજ્ઞાનિક રીતે શીખવવામાં આવશે
- વિજ્ઞાનની સાથે સાથે વિચાર, વાણી અને વર્તણૂકમાં પરિવર્તન દ્વારા વિદ્યાર્થીનું ઘડતર થશે
- વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી અને પોતાના સ્વપ્નો સાકાર કરવાની તક મળશે

ઑક્ટોબર ૨૦૧૬માં, આ કૉલેજના નૂતન સંકુલનું લોકાર્પણ શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક, પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઇ અને ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના શુભહસ્તે સંપન્ન થયું. આ પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીએ કૉલેજનો ઉદ્દેશ્ય જણાવતા કહ્યું હતું કે, શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ એટલે જ્યાં ખીલવાનો પ્રયાસ થાય. અહીંના પ્રદેશના યુવાવર્ગની અંદર છૂપાયેલ અદ્‌ભુત શક્તિનું અનાવરણ કરી, ધરબાયેલ સમૃદ્ધ બુદ્ધિધનને પ્રગટાવે અને તેઓ ખૂબ ખૂબ પ્રગતિ કરે.

અમે આશા રાખીએ છીએ કે અમારો આ પુરુષાર્થ માત્ર બાળકોનું કે દેશનું જ નહીં, પરંતુ સમગ્ર માનવજાતિનું ઉજ્જવળ ભવિષ્ય નિર્માણ કરવાનું નિમિત્ત બનશે. આવો, શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠમાં પ્રવેશ મેળવીને શિક્ષણ, સક્ષમતા અને સાત્ત્વિકતાનો અનુભવ કરો!

આપનો વિશ્વાસુ,

મહેશ ખોખાણી
ટ્રસ્ટી

# શ્રીમદ્ રાજચંદ્ર લવ ઍન્ડ કેર

શ્રીમદ્ રાજચંદ્ર લવ ઍન્ડ કેર એ જીવમાત્રને સેવા અને શાતા પહોંચાડવાનું અભિયાન છે. આ અભિયાનમાં મનુષ્યજાતિ, પ્રાણી જગત અને પર્યાવરણ સંબંધી ૧૦ પ્રકારની સેવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**૧. આરોગ્ય સેવા**
**૨. શૈક્ષણિક સેવા**
**૩. બાળ સેવા**
**૪. મહિલા સેવા**
**૫. આદિવાસી સેવા**
**૬. સમાજ સેવા**
**૭. માનવીય સેવા**
**૮. પ્રાણી સેવા**
**૯. પર્યાવરણ સેવા**
**૧૦. સંકટસહાય સેવા**

સર્વ મંગલની ઉદાત્ત ભાવનાથી શરૂ કરવામાં આવેલ ૧૦ કેરના આ કાર્યક્રમ દ્વારા વિશ્વનાં ૫૦ શહેરોમાંથી ૫૦૦થી વધુ સેવકો, ૫૦થી વધુ પ્રવૃત્તિઓ દ્વારા જીવોને સુખ શાતા પહોંચાડી ચૂક્યા છે.

શ્રીમદ્ રાજચંદ્ર લવ ઍન્ડ કેરના મહત્તમ પ્રયત્નો દક્ષિણ ગુજરાતના જરૂરિયાતમંદ પ્રજાનાં ઉત્થાન માટે ચાલી રહ્યા છે. તેમના સ્વાસ્થ્ય સંભાળ, શિક્ષણ તથા સમાન્ય પણે સામાજીક ઉત્થાન માટે તેઓ સતત પ્રયત્નશીલ છે. આ અર્થે હૉસ્પિટલ તથા ડિસ્ટ્રિક્ટ અર્લી ઈન્ટરવેનશન સેન્ટરની સ્થાપના કર્યા બાદ ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણની આ વિસ્તારમાં તાતી જરૂરિયાત જણાતાં ૭ વર્ષ પહેલાં અહીંના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક સ્તરની વિજ્ઞાન શાખાની સ્કૂલ શરૂ કરવામાં આવી છે.


**શ્રીમદ્ રાજચંદ્ર હૉસ્પિટલ**


**શ્રીમદ્ રાજચંદ્ર ડિસ્ટ્રિક્ટ અર્લી ઈન્ટરવેનશન સેન્ટર**


**શ્રીમદ્ રાજચંદ્ર ગુરુકુલ**


**શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાવિહાર**

આમ છતાં, તેઓને ઉચ્ચ જીવન પ્રદાન કરવા, તેમનામાં રહેલી સંભાવનાઓને વ્યક્ત કરવા, ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે એક નવીન અને સંકલિત પ્રયાસ આદરવાની જરૂર જણાતાં, વિજ્ઞાન શાખાની કૉલેજ - શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ શરૂ કરવામાં આવી છે.

# કૉલેજની વિવિધ સુવિધાઓ






- પરીક્ષાલક્ષી તૈયારી માટે વિશેષ ધ્યાન
- આધુનિક સુસજ્જ પ્રયોગશાળાઓ
- અદ્યતન ગ્રંથાલય
- વિશાળ વર્ગખંડો
- ઓડિયો-વિડીયો પ્રોજેક્ટરની સુવિધા
- રમત-ગમતનું મેદાન

# F.Y.B.Sc. વિષય પસંદગી

| Chemistry | |
|---|---|
| Group A | Group B |
| **CMCs** | **CBP** |
| Chemistry | Chemistry |
| Mathematics | Botany |
| Computer Science | Physics |
| English | |
| Environmental Studies | |
| NSS / Saptdhara / Physical Education | |

| Microbiology |
|---|
| Group B |
| **MBC** |
| Microbiology |
| Botany |
| Chemistry |
| English |
| Environmental Studies |
| NSS / Saptdhara / Physical Education |

| Mathematics |
|---|
| Group A |
| **MPCs** |
| Mathematics |
| Physics |
| Computer Science |
| English |
| Environmental Studies |
| NSS / Saptdhara / Physical Education |

| Botany |
|---|
| Group B |
| **BPC** |
| Botany |
| Physics |
| Chemistry |
| English |
| Environmental Studies |
| NSS / Saptdhara / Physical Education |

# M.Sc. Chemistry

| Semester - 1 | |
|---|---|
| CHI 101 | Inorganic Chemistry |
| CHO 102 | Organic Chemistry |
| CHP 103 | Physical Chemistry |
| CHA 104 | Instrumental and Chemical Analysis |
| CHPR 105 | Practicals |

| Semester - 2 | |
|---|---|
| CHI 201 | Inorganic Chemistry |
| CHO 202 | Organic Chemistry |
| CHP 203 | Physical Chemistry |
| CHA 204 | Instrumental and Chemical Analysis |
| CHPR 205 | Practicals |

| Semester - 3 | |
|---|---|
| Paper-1 | Inorganic Chemistry |
| Paper-2 | Organic Chemistry |
| Paper-3 | Physical Chemistry |
| Paper-4 | Instrumental and Chemical Analysis |
| | Practicals |

| Semester - 4 | |
|---|---|
| Paper-1 | Inorganic Chemistry |
| Paper-2 | Organic Chemistry |
| Paper-3 | Physical Chemistry |
| Paper-4 | Instrumental and Chemical Analysis |
| | Practicals |

# M.Sc. Microbiology

| Semester - 1 | |
|---|---|
| MB 101 | Taxonomy, Virology & Cytology |
| MB 102 | Molecular Biology & DNA Technology |
| MB 103 | Bioanalytical techniques and Instrumentation |
| MB 104 | Advances In Environmental Microbiology |

| Semester - 2 | |
|---|---|
| MB 201 | Microbial Physiology |
| MB 202 | Bioinformatics & Other 'OMICS' |
| MB 203 | Enzyme Kinetics & Technology |
| MB 204 | Research Methodology, Biostatistics and IPR |

| Semester - 3 | |
|---|---|
| MB 301 | Fermentation Technology & Bioprocess Engineering |
| MB 302 | Industrial Microbiology |
| MB 303 | Immunology & Pathogenesis |
| MB 304 | Advances in Pharmaceutical Microbiology |

| Semester - 4 | |
|---|---|
| MB 401 | Seminar Presentation |
| MB 402 | Report on Industrial / Conference / Symposium visit |
| MB 403 | Review Article |
| MB 404 | Project / Dissertation |

# કૌશલ્યવર્ધક શિક્ષણ











- વિષય નિષ્ણાંતોનું માર્ગદર્શન
- કારકિર્દી લક્ષી માર્ગદર્શન
- વિવિધ કંપનીમાં ઈન્ટર્નશીપની તક
- ફિલ્ડ ટ્રીપ અને ઈન્ડસ્ટ્રીઅલ વિઝીટ
- યોગ અને ધ્યાન પ્રયોગો
- સોફ્ટ સ્કીલ્સ અને લાઈફ સ્કીલ્સની તાલીમ

# સમાજ સેવાની સ્વૈચ્છિક તક









રાષ્ટ્રની યુવાશક્તિના વ્યક્તિત્ત્વ વિકાસ માટે યુવા કાયર્ક્રમ અને રમત ગમત મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, નેતૃત્ત્વ શક્તિ, ત્વરિત નિર્ણય લેવાની શક્તિ પરોપકારવૃત્તિ, સમાજસેવા તેમ જ રાષ્ટ્રસેવાની ભાવના આદિ ગુણો વિકસિત થાય તે માટે શ્રીમદ્ રાજચદ્રં વિદ્યાપીઠ, વિદ્યાર્થીઓને N.S.S. માં જોડાવા પ્રોત્સાહન આપે છે. રાષ્ટ્રીય સેવા યોજના સાથે જોડાયેલ વિદ્યાર્થીઓ સ્વાસ્થ્ય, સાક્ષરતા, પર્યાવરણ સુરક્ષા, સ્વચ્છતા, સકંટસહાય વગેરે સંબંધી સેવા કાર્યોમાં જોડાઇ પોતનો સર્વાંગી વિકાસ સાધે છે. ૧૦૦ કલાક ની સેવા પૂર્ણ થયા બાદ તેઓને સર્ટિફિકેટ આપવામાં આવે છે અને આપાતકાલીન પરિસ્થિતિમાં સેવા આપવા બદલ સરકાર તરફથી વિશિષ્ટ પ્રમાણપત્ર આપવામાં આવે છે. આ ઉપરાંત શ્રીમદ્ રાજચદ્રં લવ ઍન્ડ કેર દ્વારા વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવતી વિશિષ્ટ સેવા પ્રવૃત્તિઓમાં જોડાઈને અનેક લોકોનાં જીવનમાં સુંદર પરિવર્તન લાવવાનું માધ્યમ બની શકો છે.

## કૉલેજ સત્ર ફી

| Sr. No. | Fee Detail | 1st Semester | 2nd Semester |
|---|---|---|---|
| | | ₹ | ₹ |
| 1 | Tuition Fee | 10780 | 10780 |
| 2 | Admission Fee (One Time) | 100 | 0 |
| 3 | Identity Card Fee (One Time) | 50 | 0 |
| 4 | Students & Teachers Welfare Activities Fee | 250 | 250 |
| 5 | Books & Equipment Fee | 300 | 300 |
| 6 | Student Union Fee | 100 | 100 |
| 7 | Amenities Fee | 250 | 250 |
| 8 | Campus Development Fee | 100 | 100 |
| 9 | Internal Examination Fee | 100 | 100 |
| 10 | Enrolment Fee (One Time) | 100 | 0 |
| 11 | Laboratory Fee (Including Computer Lab) | 1500 | 1500 |
| 12 | Library Deposit (Refundable One Time) | 200 | 0 |
| 13 | University Campus Development Fee | 50 | 50 |
| 14 | University Sports & Cultural Activity Fee | 20 | 20 |
| 15 | University Sports Complex Development Fee | 20 | 20 |
| 16 | College Deposit Fee | 100 | 0 |
| 17 | Enrolment Form Fee | 20 | 0 |
| 18 | Exam Form Fee (1st & 2nd Sem) | 60 | 0 |
| 19 | Exam Fee (1st & 2nd Sem) | 840 | 0 |
| **Total** | | **14940** | **13470** |

૧. ઉપરોક્ત ફી યુનિવર્સીટીના નિયમ અનુસાર ફેરબદલ થવા પાત્ર રહેશે.
૨. કૉલેજ ફી રોકડ અથવા ચેકથી ભરી શકાશે.
૩. કૉલેજમાં પ્રવેશ વખતે ભરેલ ફી યુનિવર્સીટીના નિયમ અનુસાર જ પરત કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.
૪. વિદ્યાર્થીએ પ્રવેશ સમયે પ્રથમ/ત્રીજા/પાંચમા સત્રની ફી ભરવાની રહેશે.
૫. અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમ અનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર છે.
૬. જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી 'શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યા વિકાસ યોજના' અન્વયે લોનની સુવિધા આપવામાં આવશે.

# કૉલેજના નિયમો

૧. પ્રવેશપત્ર પર સહી કરતાં પહેલાં દરેક વિદ્યાર્થી તથા વાલીએ માહિતીપત્રક ધ્યાનથી વાંચવું. એક વાર સહી કર્યા બાદ દરેક નિયમોના પાલનની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.

૨. વિદ્યાર્થીઓએ શિષ્ટાચારનું પાલન કરવું.

૩. વર્ગખંડમાં નિયમિતપણે હાજરી જરૂરી છે, દૈનિક ટાઈમટેબલના એક પિરીયડની ગેરહાજરી આખા દિવસની ગેરહાજરી ગણાશે.

૪. યુનિવર્સીટીના ઓર્ડીનન્સ ૬૫-એ અનુસાર જે વિદ્યાર્થીઓની પ્રગતિ અસંતોષકારક જણાતી હોય - આંતરિક પરીક્ષામાં ૫૦ ટકા કરતાં વધારે વિષયોમાં નાપાસ થનાર, વર્ગમાં નિયત જરૂરી ૭૫ ટકા કરતાં ઓછી હાજરી હોય અથવા અન્ય કોઈ બાબતે અસંતોષકારક પ્રગતિ જણાય તો તેવા સંજોગોમાં વિદ્યાર્થીનું પરીક્ષાનું આવેદનપત્ર પાછું ખેંચી લેવાની કૉલેજના આચાર્યશ્રીને સત્તા છે. માટે બિનજરૂરી કારણોસર વર્ગમાં ગેરહાજર રહેવું નહીં.

૫. જો કોઈ વિદ્યાર્થી જાણ કર્યા સિવાય ૬ દિવસ કરતાં વધુ દિવસ કૉલેજમાં ગેરહાજર રહેશે અથવા તો નિયમિત રીતે અનિયમિત રહેશે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

૬. કૉલેજની આંતરિક પરીક્ષામાં બિનજરૂરી કારણોસર અગાઉથી જાણ કર્યા વિના ગેરહાજર રહેનાર વિદ્યાર્થી સામે સખત પગલાં લેવામાં આવશે.

૭. જો કોઈ વિદ્યાર્થી ૫૦ ટકાથી વધુ વિષયોની આંતરિક પરીક્ષામાં ગેરહાજર રહેશે અથવા ૫૦ ટકા વધુ વિષયોમાં આંતરિક મૂલ્યાંકનમાં નાપાસ થાય તો તે વિદ્યાર્થીનું ફોર્મ રદ થવા પાત્ર રહેશે.

૮. જો કોઈ વિદ્યાર્થી કે તેના વાલીના સરનામામાં અથવા મોબાઈલ નંબરમાં ફેરફાર થાય તો તેની જાણ કૉલેજ કાર્યાલયને સત્વરે કરવાની રહેશે. તેમ ન કરવાથી કોઈ પણ નોટિસ/પત્ર ન મળવાના કિસ્સામાં સંપૂર્ણ જવાબદારી તે વિદ્યાર્થીની રહેશે.

૯. વિદ્યાર્થીએ પ્રથમ અને બીજા સેમિસ્ટરના કુલ વિષયો પૈકી બે તૃતિયાંશ વિષયો પાસ કરેલા હશે તો જ તેને બીજા વર્ષમાં (ત્રીજા સેમિસ્ટરમાં) પ્રવેશ મળશે.

૧૦. યુનિવર્સીટીની પરીક્ષાનું ફોર્મ નિયત સમય મર્યાદામાં ન ભરનાર વિદ્યાર્થીનું ફોર્મ પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને તે માટેની જરૂરી કાર્યવાહી કરવાની જવાબદારી જે તે વિદ્યાર્થીની પોતાની રહેશે.

૧૧. કૉલેજના સમય દરમ્યાન અથવા ફ્રી લેક્ચર દરમ્યાન કૉલેજ કેમ્પસમાં અન્ય વિદ્યાર્થીઓને ખલેલ ન પહોંચે તે રીતે લાયબ્રેરીમાં બેસી વાંચન કરવું.

૧૨. કૉલેજમાં દરેક વિદ્યાર્થીએ નોટીસ બોર્ડ નિયમિતપણે જોતાં રહેવું તથા વખતોવખત મૂકવામાં આવતી સૂચનાઓનું પાલન કરવું. આ બાબતે કોઈ પણ ચૂક થતાં થયેલ નુકશાનની જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે.

૧૩. કૉલેજ કેમ્પસમાં અન્ય વિદ્યાર્થીની ગેરવર્તણૂંકના કારણે થયેલ ઈજા કે નુકશાનની જવાબદારી વિદ્યાર્થીની રહેશે. તેમ જ કૉલેજ મિલકતને નુકશાન પહોંચાડનાર વિદ્યાર્થી સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

૧૪. કૉલેજ કેમ્પસમાં કચરો ફેંકવો નહીં તથા કોઈ પણ પ્રકારના માદક દ્રવ્યો જેવા કે દારૂ, તમાકુ, ગુટકાનું સેવન, ધુમ્રપાન તથા માંસાહારી પદાર્થો લાવવાની તથા સેવન કરવાની સખત મનાઈ છે.

૧૫. કૉલેજની દિવાલો તથા બેન્ચીસ પર કોઈ પણ પ્રકારનું લખાણ કરી ગંદકી ફેલાવવી નહીં.

૧૬. કૉલેજ કેમ્પસમાં કોઈ પણ પ્રકારની ગેરવર્તણૂંક, અભદ્ર ભાષાનો પ્રયોગ કે હિંસક પ્રવૃત્તિ કરનાર વિદ્યાર્થીનો પ્રવેશ રદ કરવામાં આવશે અને આ અંગે મેનેજમેન્ટનો નિર્ણય આખરી ગણાશે.

૧૭. પરીક્ષા કે આંતરિક કસોટીના સમયે કોઈ પણ પ્રકારની ગેરવર્તણૂંક ચલાવી લેવામાં આવશે નહીં.

૧૮. કૉલેજમાં કે કૉલેજની બહાર કૉલેજની પ્રતિષ્ઠાને તથા પ્રગતિને નુકશાન થાય તેવું વર્તન કરનાર વિદ્યાર્થી સજાને પાત્ર ઠરશે.

૧૯. કૉલેજ કેમ્પસમાં વિદ્યાર્થીઓ સિવાય અથવા બહારના કોલેજ સાથે સંકળાયેલ ન હોય તેવા વ્યક્તિઓને આચાર્યશ્રીની પૂર્વ મંજૂરી સિવાય પ્રવેશ આપવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.

૨૦. કૉલેજ કેમ્પસમાં DJ કે અન્ય કોઈ પણ અવાજ કે ઘોંઘાટ કરવાની મનાઈ છે. આથી આ પ્રકારની માંગણી વ્યક્તિગત કે સામૂહિક ધારણે કરવી નહીં.

૨૧. કૉલેજ કેમ્પસમાં ઓળખપત્ર (ID Card) પહેર્યા સિવાય પ્રવેશ કરવો નહીં.

૨૨. કૉલેજ સમય દરમ્યાન મોબાઈલ ફોનના વપરાશની સખત મનાઈ છે.

૨૩. વિદ્યાર્થીના માલસામાનની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે.

## રેગીંગ અંગેની અગત્યની સૂચના

ભારતની નામદાર સર્વોચ્ચ અદાલતના નિર્દેશ મુજબ જો રેગીંગની કોઈ ઘટના કૉલેજ સંચાલકોના ધ્યાનમાં આવશે તો સંબંધિત વિદ્યાર્થીને ખુલાસો કરવાની તક આપવામાં આવશે. પરંતુ ખુલાસો સંતોષકારક ન જણાય તો વિદ્યાર્થીનો પ્રવેશ રદ કરવામાં આવશે.




**શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ**

કરંજવેરી, કાંગવી રોડ, ધરમપુર - ૩૯૬૦૫૧,

જિ. વલસાડ, ગુજરાત, ભારત. ફોન નં: +૯૧ ૭૦૬૯૪ ૦૦૦૯૫ / ૯૬

vidyapeeth@srmd.org

www.loveandcare.srmd.org